Digitized by Google
Sarat
C. T.

VISIT…

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कोपीराइट विभाग]
अनुक्रमांक १५००८ वर्गांक
पुस्तकनुं नाम धूपसळी
विषय

ગાંડીવ બાલોપયોગમાલા
પુષ્પ: ૧૫મું

ધૂપસળી

સંયોજકો
વલ્લભદાસ અકકડ
નટવરલાલ વીમાવાળા



પ્રગટકર્તા
ગાંડીવ સાહિત્ય મંદિર
૧૮૦-કેળાંચીઃ
સુરત

કિંમત ૦-૪-૦] [ઇસ્વી ૧૯૨૯

બીજી આવૃત્તિ

૨૦૦૦ નકલ] [સંવત ૧૯૮૫

ગાંડીવ છાપખાનું, કેળાપીઠ સુરત

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ
ગ્રંથાલય
૧૫૬૦૦૮
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

ધૂપસળી હૅાન્સ એન્ડર્સનના જગત્પ્રખ્યાત કથા સંગ્રહમાંની ટીન્ડરબોક્સનું રૂપાંતર છે. પણ એ બંને વાંચનાર જોઇ શકશે કે રચનાનું બોખું તેના પરથી લીધેલું છતાં તેની તમામ વિગતોમાં—પહેલેથી છેલ્લે સુધી—પ્રસંગો અને ગોઠવણીમાં ઘણોજ ફેરફાર કરેલો છે.

ગુજરાતનાં બાળકોને એની સુગંધ રૂચશે એવી આશા છે. આ બીજી આવૃત્તિમાં ચિત્રો વધાર્યાં છે.

મુદ્રક: પ્રકાશક

નટવરલાલ વીમાવાળા

ગાંડીવ સાહિત્ય મંદિર તરફથી


ધૂ
પ
સ
ળી

રાજકુમારી ઉઠીને ઉભી થઈ; હવે આજે
નહિ, કાલે આગળ રમીશું.

(પાનું ૩૫ મું)

(૧)

ભૂરીયો રે ભૂરીયો
ભૂરીયા ભાઇનો હુરીયો
ભૂરીયો રે ભૂરીયો
બોલો એનો હુરીયો
બોલો છોકરાંઓ
ભૂરીયા ભાઇનો હુરીયો હુરીયો હુરીયો !

એ ભુરીયાભાઇ કોણ તે તમે જાણો છો ? એ ભુરીયા ભાઇ ભુરો ડગલો પહેરે ને ભુરી સુરવાળ પહેરે. પગમાં ભુરાં મોજાં, ને ભુરા જોડા. માથે ભુરી ટોપી. ખભે ભુરી ઝોળી લટકાવે, હાથમાં ભુરી લાકડી રાખે ને ઠપઠપ અવાજ કરતા ચાલે.

એટલે શેરીમાં તેની પાછળ પાછળ છોકરાંઓ દોડે ને ઉપલું ગીત ગાય. હસે ને કૂદે. કોઈક વળી ધુળ ઉરાડે. હોહા કરે. પણ ભુરીયા ભાઇ તો ગુપચુપ આગળજ ચાલે. ઠપઠપ અવાજ કરતા જાય અને ડગલાં મૂકતા જાય. એવા એ ભુરીયા ભાઇ હતા.

પણ એ ભાઇનું ખરૂં નામ તો બીજુંજ હતું ! અજીતસિંહ ! કોઇએ પાડેલું કે માએ તે તો રામ જાણે ! પણ અજીતસિંહના મનમાં ભુરા રંગનો શોખ અજબ લાગેલો. તે ભુરાંજ કપડાં પહેરે. તેના ઘરનો રંગ પણ ભુરો. બધુંજ ભુરૂં.

પણ એ ભાઈસાહેબની એક આદત સારી. છોકરાં ગમે એટલી મસ્તી કરે પણ એ ચિઢાય નહિ. કોઇ બહુ ધુળ ઉરાડે તો પાછું જોઈ જરા ડોળા કાઢે ને પછી ખડખડ હસી પડે ને વળી આગળ ચાલે. પણ કોઇ દહાડો તોફાની છોકરાને પણ મારે નહિ.

(૨)

એવામાં તો હોળીના દહાડા આવ્યા. દરેક હોળી વખતે શેરીમાં ખૂબ તોફાન થાય. તેમાં આ વરસે બહુ વધારો થઇ પડયો. એક નવો છોકરો શેરીમાં રહેવા આવ્યો હતો. તે ભારે મસ્તીખોર હતો ને બધાનો સરદાર થઇ પડયો હતો. તેણે આ હોળી પર ભુરીયાભાઇને ખૂબ પજવવાનો મનસૂબો કર્યો. ગામ બહાર એક મેદાન હતું. તે બહુ મોટું હતું. હજાર ઘર તેમાં બાંધવા હોય તો બંધાઇ જાય. પણ ઘરને બદલે ત્યાં તો બધું લીલું ઘાસ ઉગેલું હતું. અને એક ભાગમાં પુષ્કળ ઝાડો હતાં. તેમાં કેટલાંક નાનાં ને કેટલાંક મોટાં ઝાડો હતાં; પણ એટલાં પાસે પાસે હતાં કે કોઇ એની અંદર ગયું હોય તો પાછું નીકળવું પણ મુશ્કેલ. એ ગીચ ઝાડીમાં એક ઝાડ સૌથી ઉંચું, જાણે આકાશ સાથે વાતો કરતું હોય એવું હતું. એ ગીચ ઝાડીને ભુલ-ભુલામણિ કહેતા.

હવે પેલે તોફાની છોકરે શો ઘાટ કર્યો તે જુઓ. તેણે બધા છોકરાઓને ભેગા કરી કહ્યું: ભાઇઓ, આપણે પેલા ભુરીયાજીની બડી ગમ્મત કરીએ. તેની પાછળ હુરીયો કરતા કરતા આપણે તેને એવો દોડાવીએ, એવો કુદાવીએ કે ઠેઠ પેલી ભુલભુલામણિમાંજ પેંસી જાય, ને પછી અંદર ફાંફાજ માર્યા કરે! કેમ, કેવી ગમ્મત?

બધા છોકરા માંહોમાંહે ધુસપુસ કરવા લાગ્યા. એક બે બોલ્યા: એ તો ભાઇ. કંઈ સારૂં નહિ. એને શા સારૂ એટલું બધું દુઃખ દઇએ? એણે કંઇ આપણું બગાડયું છે?

પણ પેલો ટીખળી સરદાર તે સાંભળી બોલી ઉઠયો: બસ, બસ, બાયલા! તું નહિ આવતો! મોટો ડાહ્યો ડોસો થવા જાય છે તે! ચાલો છોકરાઓ, દોડો ને બોલો ભુરીયાભાઇનો હુરીયો!

પેલા ડાહ્યા છોકરાનું બોલવું દબાઇ ગયું. ને બધા બોલ્યા: ભુરીઆભાઇનો હુરીયો, ભુરીઆભાઇનો હુરીયો.

(૩)

પછી તે દિવસે સાંજે ભાઇસાહેબ ફરવા નીકળ્યા એટલે છોકરાંઓ બધા તેની પાછળ હુરીયો હુરીયો કરતા નીકળ્યા. આજે તો તેમણે જબરૂં તોફાન માંડયું. ખૂબ ફૂદે ને કાંકરા ઉરાડે. પછી તો તેઓ દોડવા લાગ્યા. ભુરીઆભાઇને પણ દોડવું પડયું. દોડતા દોડતા પેલા મેદાન પર આવી લાગ્યા. આજે છોકરાંઓ ઘણા હતા. અજીતસિંહને લાગ્યું કે આજે હોળી છે ને આ લોકો મારો કેડો મૂકવાના નથી. પણ હોળીના દહાડામાં તો છોકરાંઓએ તોફાન કરવું જ જોઇએ. તેમના તોફાનમાં મોટાંએ આડા આવવું નહિ. જે છોકરાં બચપણમાં તોફાની હોય તેજ મોટપણમાં શૂરવીર નીકળે. ભુરીઆભાઇનો આવો વિચાર, એટલે મનમાં બોલ્યાઃ હશે, જોઇએ તો ખરા એમનો શો વિચાર છે તે!

છોકરાંઓ તો હુરીયો બોલાવતા બોલાવતા ભુરીઆભાઇને કુદાવતા પેલી ભુલભુલામણિ આગળ

લઇ આવ્યા. હવે આ ગીચ ઝાડીમાં કોઇ જતું નહિ, એની ભુરીઆભાઇને જાણ હતી. જે જતા તે ભૂલા પડતા ને મહા મુશીબતે પાછા નીકળતા એવો એને ખબર હતી. પણ તેથીજ તેમનો વિચાર હતો કે એક દિવસ આપણે પણ એમાં જઈ આવવું તો ખરૂં. જોઇએ શું થાય છે? હિંમતે મર્દા તો મદદે ખુદા.

વ્હાલા વાંચનારાઓ! તમે કોઇ દહાડો વડોદરાના કમિટી બાગમાં ગયા છો? ત્યાં એક ભુલભુલામણિ છે. તેમાં એક વાર પેંઠા કે પછી નીકળાયજ નહિ, રસ્તોજ જડે નહિ. એવી તેમાં કરામત કરેલી છે. તમે વડોદરે જાઓ, ત્યારે જરૂર એ બાગમાં જજો અને માળીને પૂછીને ભુલભુલામણિમાં દાખલ થજો.

એવીજ આ કુદરતી ભુલભુલામણિમાં છોકરાઓએ દોડાવેલા ભુરીઆભાઇ પેંઠા. તેમને જરા બીક તો લાગી. પણ વિચાર્યું: કંઈ નહિ, હશે! જોઇએ તો ખરા આ ભુલભુલામણિ કેવીક છે!

પણ એક બાજુ ભાઈસાહેબ અંદર પેઠા ને થોડે દૂર ગયા એટલે છોકરાંઓ તો બહારથી "ભુરીઆભાઇનો હુરીયો" નું પેલું ગીત બોલતા બોલતા ગામ તરફ દોડી ગયા.

(૪)

બીજી બાજુ ભુરાઆભાઈ તો પેલી ઝાડીની અંદરની ગલીકુચીઓમાં જબરા સપડાઇ ગયા. આમાં પેસે ને તેમાં પેસે; પણ કંઇ રસ્તો જણાય નહિ. જ્યાં જુએ ત્યાં ઝાડજ ઝાડ, આમલીના ઝાડ, ને બદામનાં ઝાડ; જમરૂખી ને વડનાં ઝાડ. ઓઢાખોટા ફુલ વગરના પણ ઝાડ ને ફળ વગરનાં પણ ઝાડ. પણ ઝાડજ ઝાડ. આમથી પેસે ને તેમથી નીકળે; પણ કોઇ તરફથી ઝાડ પૂરા પણ ન થાય ને રસ્તો પણ ન જડે.

એટલે એ તો ગભરાયા. પણ ગભરાયાથી શું વળે? તેણે વિચાર કર્યો કે હિંમતે મર્દા તો મદદે ખુદા. હિંમત રાખીશું તો કંઈ પણ વળશે. ડરી જવાથી શું ફાયદો થવાનો છે? માટે પહેલાં

તો ભાઈ, પેટ ભરીને ખાઇ લઇએ. પેટ ભરાવાથી ટાંટીયામાં જોર આવશે ને બરાબર રસ્તો શોધાશે. એમ કરી તેણે તો ઝાડ તળે પડેલાં બોર, જમરૂખ, પપૈયા, વગેરે થોડાં ભેગાં કરી ખાધાં. એક નાળીયેર ફોડયું. તેનું મીઠું મીઠું પાણી પેટ ભરીને પીધું. કોપરૂં ખાધું. પછી ફડાક દઇને કૂદકો મારીને ઉભો થયો. બે ચાર વાર જાંગ ઠોકી ને પછી મોટે સાદે બૂમ પાડીઃ અલિ ભુલભુલામણિ! આવી જા તું! હું પણ જોઉં છું કે તું જોરાવર છે કે હું! તારી મકદુર શું કે તું મને હવે પજવે! એમ એણે તો ધાંટો કાઢયો. આખું જંગલ સુમસામ હતું. બીજા કંઇ અવાજ થતા ન હતા. એટલે એનો અવાજ એકદમ ગાજી ઉઠયો! પણ તેની સાથેજ એકદમ એક મોટો ધબાકો થયો.

(૫)

એ ધબાકો શાનો હતો?

એ કુદરતી જંગલમાં એક ડાકણ રહેતી હતી.

તે ડાકણનું નામ ભુલભુલામણિ ! એ આખી ઝાડી તેને કબજે હતી. એના ડરથી વાઘ, વરૂ, સાપ, ચિત્તા, દીપડા કોઇ ત્યાં આવી શકતા નહિ. એ ડાકણ એક વડની ગાઢી ઘટામાં રહેતી હતી. ભુરી-આભાઇને આજે પોતાના પંજામાં સપડાયા જોઇને તે બહુ રાજી થઈ હતી. અને પોતાના ઝાડ પર બેઠી બેઠી મનમાં ને મનમાં ખુશ થતી હતી. પણ ભુરીઆભાઇએ તો આવો ધાંટો કાઢયો એટલે ઝાડ પર બેઠેલી તે એકદમ ચમકીને નીચે પડી ગઇ ! તેનો આ ધબાકો થયો !

આ ભુલભુલી ડાકણ બહુ જબરી હતી ! એનું મ્હોં એવું કદરૂપું કે જોઇનેજ બ્હીક લાગે. મોટા મોટા ચાંઠા પડેલા. બિહામણા ડોળા. જાડા જાડા હોઠ અને ડબુસા જેવું ચપટું ને જાડું નાક ! લાંબો છુટો ચોટલો !

ધબાકા સાથે ડોસલી પડી તો ખરી, પણ તે એકદમ ઉઠીને ઉભી થઈ ગઇ. ધબાકો થયો એટલે ભુરીઆભાઇની નજર એકદમ તે તરફ ગઇ અને

પહેલાં તો ડોસલીનું બિહામણું રૂપ જોઈ તે જરા થથરી ઉઠ્યો. પણ તરત એને યાદ આવ્યું કે હિંમતે મર્દા તો મદદે ખુદા. તુરત એણે બ્હાંય ચઢાવી. લાકડી લીધી ને ડાકણી જ્યાં ઉભી હતી ત્યાં તે દોડ્યો. ડાકણીએ સામો કુદકો માર્યો અને બંને એક બીજા સાથે અથડાઈ પડ્યા. ડાકણે મોટા મોટા નખથી એકદમ નહોર મારવા માંડ્યા. પણ ભુરીઆ-ભાઇએ તો મજબુત જાડાં કપડાં પહેરેલાં, તેને શું લાગે ? તેણે ઉઠાવી લાકડીનો એક સપાટો ખેંચી કાઢ્યો. એમ થોડી વાર ઝપાઝપી ચાલી. પછી ભુરી-યાજીને એક યુક્તિ સુઝી. તેણે એક દાવ એવો લીધો કે ડોકરીનો ચોટલોજ તેના હાથમાં આવી ગયો. ને ચોટલો પકડાયા પછી તેનું શું ચાલે ?

(૬)

તે તો નરમ ઘેંસ જેવી થઈ ગઈ. વાત એવી હતી કે એનો જીવ એના ચોટલામાં હતો. જો ભુરીબાજી એનો ચોટલો કાપી નાંખે તો એ મુડદું થઇને પડે. ભુરીયાભાઇને કંઈ એ વાતની ખબર

ન હતી. પણ ડોકરીને લાગ્યું કે આ કોઇ જાદુગર લાગે છે ને એને આ વાતની ખબર હશે. તેથીજ મારો ચોટલો પકડી લીધો છે ને હવે તે એ કાપી નાંખવાનો. એટલે તે એકદમ મોટેથી રડી પડી ને કરગરતી બોલીઃ માફ કર, માફ કર! મને શું કરવા મારે છે? મેં કંઇ તારો ગુન્હો કર્યો છે?

એ સાંભળી ભુરીયાભાઇના ટાંટીયામાં જોર આવ્યું. તેને લાગ્યું કે આ ડોસી હવે હાથમાં આવી છે. તેને એકદમ છોડી દેવી નહિ. તે મારી પેઠે બીજાઓને પણ દુઃખ દેતી હશે. માટે તેના તો બારજ વગાડી દેવા.

પછી તે મોટેથી બોલ્યોઃ તને? તને છોડી કોણ દે! તને તો ચોટલો કાપી ઉંધે માથે લટકાવવાની છે, હરામખોર! બધાંને દુઃખ દે છે, પણ હવે યાદ રાખજે કે તારૂં આવી બન્યું છે.

આ સાંભળીને તો ડોકરીને લાગ્યું કે નક્કી આ જાદુગરને ખબર છે કે મારૂં મોત ચોટલામાં છે. તેથીજ આમ બોલે છે

એટલે તે તો કરગરી પડી: ના, ભાઇ! ના. હવે કોઇને દુઃખ નહિ દઉં! તારે જે જોઇએ તે તને આપીશ. તું મને છોડી દે તો તને ન્યાલ કરી દઉં. હીરા, મોતી, માણેક જે જોઇએ તે આપું.

ના રે ના! મારે તો કંઈ ન જોઇએ. તને તો ઝાડે લટકાવવી જ પડશે.

એમ કહી ભુરીયાએ તેનો ચોટલો ખૂબ હલાવ્યો ને તેને ધુણાવી મૂકી. તે તો પોક્કેપોક મુકીને રડવા લાગી: ઓ બાપરે! મરી ગઇરે!

આખરે ભુરીયાભાઇને દયા આવી. તેને થયું કે હવે આ ડોસીને બહુ સતાવવાની જરૂર નથી. સાથે તેને થયું કે એ હીરા ને મોતી ને માણેકની વાતો કરે છે તે ખરી છે કે ખોટી, તે જાણવું જોઇએ. વખતે મને એ છેતરતી હશે. માટે જોઇએ તો ખરા!

પછી તેણે મોટેથી કહ્યું: જો રે ડોસલી! મને તારો ખજાનો બતાવશે તો જવા દઇશ. માટે બતાવ તારો ખજાનો.

પણ મારો ચોટલો છોડી દે, એટલે નિરાંતે કહું.

ના એ નહિ બને. બોલ કહે છે કે નહિ?– એમ કહી ભુરાભાઇએ પાછો એનો ચોટલો ખૂબ હલાવ્યો.

ડોસીએ તો ઘૂમ પાડી: ઓરે, ઓરે! મરી ગઈરે, કહું છું રે કહું છું. જરા મને ઠરવા દે.

પછી ચોટલો પકડીને ભુરાભાઇએ તેને સામે ઉભી રાખી. અને તે કહેવા લાગી: જો ભાઈ! વડના ઝાડમાં થડના પાછલા ભાગમાં એક મોટું બાકોરું છે. તેમાંથી એક સીડી છે. તે વડે એક ભોંયરામાં જવાશે. એ ભોંયરામાં ઘણા દીવા બળે છે, અંધારું નથી. ત્યાં તને ત્રણ ઓરડીઓ દેખાશે. દરેકના બારણાં પાસે ખીંટી પર કુંચી હશે. તે કુંચીથી તે બારણું ઉઘાડવું. પહેલા ઓરડામાં વચ્ચે એક પેટી પર એક લાલ ઉંદર બેઠેલો હશે. તે છે તો ઉંદર, પણ મોટો સસલા જેવડો, ને લાલ ચણોઠી જેવો. તે તને કરડવા આવશે. પણ

આ મારો કાળો કામળો તેના ડીલ પર તું નાંખી દેશે એટલે ચૂપ થઈ જશે. પછી એ પેટીમાંથી તારે જે જોઇએ તે લઈ લેજે. એ પ્રમાણે ત્રણે ઓરડીમાં કરવાનું. બીજી ઓરડીમાં બિલાડી છે. ને ત્રીજીમાં કાચબો છે. દરેક પેટીમાંથી તારે જે જોઇશે તે મળશે: હીરા, મોતી માણેક વગેરે લઈ લેજે.

ડાકણની બોલવાની રીત પરથી ભુરીયાભાઇને લાગ્યું કે હવે એ સાચું બોલે છે. વળી તેણે પોતાના શરીર પરનો કાળો કામળો સુધ્ધાં આપ્યો. એટલે તેણે તેના કહેવા પ્રમાણે ભોંયરામાં ઉતરવાનું નક્કી કર્યું. એટલામાં પેલી બોલી: તને જોઇએ એટલા હીરા ને માણેક મળે તો તું મારૂં એક કામ કરશે?

શું?

વચલી ઓરડીના એક ગોખલામાં એક ધૂપસળા પડી છે. સહેજ બળેલા છે. તે ધૂપસળી મને લાવી આપજે. તે અમારો અસલો કુંટુબની પુજાની

ભુરાભાઇએ તો પેલી ડોસલીને એક ઝાડ સાથે કચકચાવીને બાંધી.

છે. તેટલી માત્ર મારે જોઇએ છે.

વારૂ. જોઈશું.

(૭)

એમ કહી ભુરાભાઇએ તો પોતાનો ભુરો કમ્મર-પટો છોડી તે વડે પેલી ડોસલીને એક ઝાડ સાથે કચકચાવીને બાંધી. પછી પેલો કામળો લીધો, ઝાડ-ની બખોલ શોધી કાઢી ને તેમાંથી ઉતર્યો. જુએ છે તો ડોસલીનું કહેવું બધું સાચું હતું. ઠેરઠેર મીણબત્તીઓ બળતી હતી અને અજવાળું ઝળહળ-તું હતું. સામેજ ત્રણ ઓરડીઓ. ત્રણેનાં બારણાં પાસે એકેક ખીંટી ને એકેક કુંચી લટકાવેલી. આ આ બધું જોઈ ભુરાભાઇને લાગ્યું કેઃ હા, ડોસલીનું કહેવું છે તો સાચું.

ચાલો ત્યારે હવે ઓરડા ઉઘાડીએ. એમ વિચારી તેણે તો પહેલી ઓરડીનું તાળું ચાવી વડે ઉઘા-ડ્યું. જુએ છે તો ઓરડાની વચ્ચોવચ એક મોટી કાળી પેટી હતી. તે પેટી પર લાલ ચણોઠી જેવા રંગનો બારસો સસલા જેવડો ઉંદર પડયો પડયો

ઉંઘે. બારણાંના ખખડાટથી તે જાગી ઉઠ્યો ને સામેથી માણસને આવતો જોઈ ચું ચું કરતો સામો કુદ્યો. તેવોજ ભુરાભાઇએ તેના પર એકદમ કાળો કામળો નાંખ્યો. કાળો કામળો ડીલે અડકતાંજ ઉંદર શાંત થઈ ગયો અને ગુપચુપ કામળા તળે બેસી રહ્યો. પછી ભુરીયાભાઇએ પેટી ઉઘાડી ને જુએ છે તો: અ હા હા હા હા! અંદર બધા હીરાજ હીરા! તેણે થોડા લીધા અને પછી બહાર નીકળ્યો; એજ રીતે એણે બીજી ને ત્રીજી ઓરડી ઉઘાડી. તેમાં એકમાં મિલાડી ને એકમાં કાચબો હતાં; પહેલાં તો તે કરડવા કુદ્યા, પણ કામળાને વશ થઈ ગયાં. ત્યાંની પેટીઓમાંથી મોતી અને માણેક નીકળ્યાં, તે થોડાં થોડાં લઇ લીધા.

એનું મન તો કંઇ હરખાય, કંઇ હરખાય! હવે ગાડી ઘોડા વસાવીશ, ઘેર હાથી રાખીશ, મોટો મહેલ બંધાવીશ, ચાકરો રાખીશ એવા એવા વિચારો એને આવવા લાગ્યા. રોજ મેવા મિઠાઇ ખાઇશું, શરબતો પીશું ને હિંચકે ઝુલીશું, એવાં સપનાં

ભુરાભાઇએ તેના પર એકદમ કાળો કામળો નાંખ્યો.

(પાનું ૨૧ મુ)

એ જોવા લાગ્યો. એટલે તે તો ત્યાં ભોંયરામાં ઉભો ઉભો એકલો એકલો હસી પડયો. તુરત સામો પડઘો પડયોઃ હા, હા, હા, હા, હા!

(૮)

પડઘાનો અવાજ થયો એટલે ભુરીયાભાઇને ભાન આવ્યું કે પેલી ડોસી ઉપર વાટ જોતી હશે. તરતજ તેને ધૂપસળી યાદ આવી. વચલા ઓરડામાં ફરીથી ગયો અને ત્યાંના ગોખલે ગોખલા ખોળી વળ્યો; તો એક ખુણાના ગોખલામાંથી એક ધૂપસળી મળી આવી. તે કાળી કાળી ને કરગરી હતી. આશરે અજમેરી બોર જેટલી લાંબી અને લખવાની પેન જેટલી જાડી હતી. એને લઇ ભુરીયા ભાઇ ઓરડીની બહાર આવ્યા. અજવાળામાં એને સુંઘી જોઇ. એની વાસ સાધારણ હતી. જાણે બહુ જુની હોય તેવી એ લાગી. પણ તેથીજ ભુરીઆભાઇ વિચારમાં પડયો કે આવી નજીવ ધૂપસળી ડોસીએ મંગાવી કેમ હશે? એમાં નક્કી કંઈ જાદુ હશે. જે હોય તે. આપણે ડોસીને જ

આપવી નહિ. એક યાદગીરી તરીકે રાખી મૂકવી.

એણે એમ મનસૂબો કર્યો અને હીરા મોતીથી ગજવાં ભરીને એ તો છેક બહાર આવ્યો. પેલા ઉંદર બિલાડી પોતપોતાના ઓરડામાં પાછાં ઘોરવા મંડી ગયાં.

બહાર આવ્યો એટલે ડોસી પૂછે: કેમ રે ભાઇ, હવે તો મને છોડશે ને? મારૂં તો બધું શરીર ચમચમી ઉઠયું છે.

ભુરીયાભાઇ તો ખુશખુશ થઇ ગયા હતા કેમકે તેની પાસે હવે નાણાંનું જોર સારૂં હતું. છોકરા-ઓએ તેને દુઃખ દીધું તે આખરે તો સોનાના મૂલનું થઇ પડયું. એટલે ખુશ મિજાજમાં તે બોલ્યોઃ હોવે. આ તને છોડી મેલું. લેને!

એમ કહી એણે તો ડોસલીની આસપાસ બાંધેલી દોરી છોડી નાંખી, ડોસીને છુટી કરી. ડોસી છુટી થઇને બોલીઃ હા....શ! સુખીયો થજે ને સો વરસ જીવજે. તને મળ્યાંને તારાં હીરા મોતી?

હા, માજી. ગજવાં ભરીને લઇ લીધાં છે.

મારી ધૂપસળી લાવ્યો ?

હા લાવ્યો છું. પણ એનું તમારે શું કામ છે ? મને તે કહો એટલે તમને આપી દઉં.

કામ શું વળી ? એ તો અમારા ઘરની પૂજની છે, તે કંઈ કાઢી નંખાય ?

સાચેસાચી વાત કહો. નહિ તો નહિ આપું.

ડોસી કહેઃ હું ખરીજ વાત કહું છું.

(૯)

એટલામાં ભુરીયાજીને એક વિચાર આવ્યો. તેને થયું કે હમણાં ડોસી સાથે ટંટો કરીશ તો પછી મને બહાર નીકળવાનો રસ્તો કોણ બતાવશે ? માટે હાલ તો જુક્તિ કરીને ખરે રસ્તે પડવું, ને પછી ડોસીને ઉડાવવી. પછી તેણે કહ્યું : વારૂ ઠીક. પણ હજુ મારૂં કામ પૂરૂં નથી થયું. મને આ જંગલમાંથી બહાર નીકળવાનો રસ્તો તો બતાવો. તે જાણું ત્યારે મને નિરાંત વળે.

એટલે ડોસી ધૂપસળી મળવાના ઉમંગમાં બોલીઃ ચાલ ને ભાઇ, રસ્તો બતાવું.

પછી ડોસી આગળ ને ભુરીયાજી પાછળ એમ બંને ચાલ્યાં. ડોસીએ ઝાડીઓ અને ઝાડવાના ગુંચવાડામાંથી રસ્તો કાઢવા માંડયો. અને ભુરીયાભાઇ હીરા મોતીથી ભરેલા ગજવાં વિષે વિચાર કરતા કરતા ચાલ્યા. એમ કરતાં કરતાં કેટલીક વારે, ઘણી ગલીઓ વળ્યા પછી અને ચકરાવા લીધા પછી, તેઓ નાકે આવી પહોંચ્યા. એટલે ડોસીએ ભુરીયાભાઇનું બમીસ પકડી કહ્યું: ચાલ ભાઇ, લાવ મારી ધૂપસળી.

ભુરીયાભાઇને લાગ્યું કે ડોસી કંઇ પેચ રમે છે. ધૂપસળીમાં બરેબર કંઇ કરામત છે માટે તે આપવી તો નહિજ. તેણે મોટો ધાંટો કાઢીને કહ્યું: અબે, ચાલ રે ચાલ! ધૂપસળી વાળી! પડ તારે રસ્તે.

પણ ડોસી કંઇ એમ રસ્તે પડે તેવી હતી? તેણે તો ભુરાભાઇનો હાથ જોરથી પકડયો, ને ખેંચાખેંચ કરવા માંડી. ભુરીઆભાઇ પણ ગાંજ્યા જાય તેવા ન હતા. તેણે ઉઠાવીને બીજે હાથે ધુમ્મ લઇને

એક મુકકો લગાવી દીધો. પોતાનો હાથ છોડવી લીધો ને પછી જે ગભરડી મૂકી તે જાણે ફાળ મારતો ઘોડો દોડયો ! ડોસી તો તમ્મર ખાઇને પડી ને ભુરાભાઇ દોટ મૂકીને નાઠા.

(૧૦)

પણ થોડે દૂર ગયા એટલે તેમને થયું કે હવે કયાં જવું ? આટલા બધા હીરા મોતી સાથે આ ગામમાં જવું સારૂં નહિ. લોકોને વહેમ પડે. અદેખાઈ આવે. નકામી હોહા થાય. માટે હવે બીજેજ ઠેકાણે દૂર રહેવા જવું સારૂં. એમ વિચારી તેણે તો બીજીજ તરફનો રસ્તો લીધો. રસ્તે એક ગામ આવ્યું ત્યાંથી એક ઘોડો વસાવ્યો. તે પર સવાર થઇને એ તો બસો ગાઉ દૂર રામપુર નામનું એક રાજય હતું ત્યાં આવી પહોંચ્યો. ત્યાં એક મોટું ઘર વસાવી પોતે મોજથી રહેવા લાગ્યો !

પણ ભુરાભાઇ તો મોજીલા માણસ. ખાય પીએ ને લહેર કરે પૈસા તો કાંકરા પેઠે ઉડાવે. પાણીથી

ચાલતું હોય ત્યાં દુધ વાપરે. મોટા મોટા પગારના નોકરો રાખે. એમ ને એમ પેલા હીરાઓ વેચાતા ગયા અને નાણાં વપરાતા ગયા. બે ત્રણ વરસમાં તો ભુરાભાઇનાં ખિસાં ખાલી થવાની અણી પર આવી ગયાં. એના દોસ્તદાર ભાઇબંધો વધી ગયા હતા. તેમની પાછળ ખરચ પણ ઘણો થતો હતો. હવે પૈસા ક્યાંથી લાવવા ? ઘરબાર વેચવા જેવો વખત આવ્યો.

ભુરીઆભાઇ તો માથે હાથ દઇને બેઠા. મોટી ગુંચ આવી પડી. હવે નાણાં ક્યાંથી લાવવાં ? ખરચ ક્યાંથી કરવો ? એમ વિચાર કરતાં કરતાં એને પેલી ધૂપસળી સાંભરી. હં ! ઠીક યાદ આવ્યું ! લાવો, જોઇએ તો ખરા ! પેલી ડોસલી એની પાછળ બહુ મરી પડતી હતી, તે એમાં એવી તે શું કરામત છે ?

(૧૧)

છેક જૂનોખખ થઇ ગયેલો, ઘરને ખુણે નકામા જેવો પડી રહેલો, પેલો ભુરો ડગલો એણે મહા-

મહેનતે શોધી કાઢયો. તેના એક નાનકડા ગજવામાં પેલી ધૂપસળી હજુ પડેલી હતી. તે ભાઇએ બહાર કાઢી. હવે એનું શું કરવું? એમાં શી ખુબી હશે? શી કરામત હશે? એમ વિચારી તેણે આમથી દાબી, તેમથી દાબી, ઉંધી કરી, ચત્તી કરી, પત્થર સાથે ઘસી. પણ તે કઠણ હતી. દબાઇ પણ નહિ ને ઘસાઇ પણ નહિ. એટલામાં પેલો બળેલો ભાગ તેની નજરે પડયો. હં! હં! એને સળગાવી જોઉં! આ કોઇએ વાપરેલી તો છેજ. જોઇએ શું થાય છે તે.

ભાઇએ તો ચકમક ઘસીને દેવતા પાડયો. એની પાસે એક રૂપાળું ધૂપદાન હતું તેમાં ધૂપસળીને બરાબર ગોઠવી. પછી તે પર દેવતા ચાંપ્યો. સળી જરા સળગી. થોડી વારે તેમાંથી ભપભપ જાણે આગગાડીના ઇંજીનમાંથી નીકળતા હોય તેવા ધુમાડા નીકળવા મંડ્યા. ભુરાભાઇ તો જોઇજ રહ્યા. એટલામાં તો એ ધૂમાડાનું જાણે વાદળું બંધાઇ ગયું. ને તેમાંથી પેલો લાલ ચણોઠી જેવો

ઉંદરડો કૂદી પડયો. તેણે પંજા વડે દાબીને ધૂપસળી હોલવી નાંખી. પછી પગ વડે સલામ કરી બોલ્યોઃ સલામ, શો હુકમ છે સાહેબ? માણસની માફકજ તે બોલ્યો.

ઉંદરડાને આમ બોલતો જોઈ ભુરાભાઇને અચંબો લાગ્યો. પણ તેને યાદ આવ્યું કે આ તો જાદુઇ ઉંદરડો છે. તરત તેણે હુકમ કર્યોઃ થોડા હીરા લઈ આવ.

જેવો હુકમ–બોલી ઉંદરડો અલોપ થઇ ગયો. થોડી વારે તે પાછો આવ્યો, અને બે ચાર બોંબારા મારી ઉલટી કરી. એટલે તે ઉલટીમાં હીરા મોતી નીકળી પડ્યાં.

ફરી તે સલામ કરી ઉભો રહ્યો. એટલે ભુરાભાઇએ દમામભેર કહ્યુંઃ હવે જા. કામ પડશે ત્યારે બોલાવીશ.

ઉંદરડે કહ્યુંઃ હવે હું નહિ આવું. હવે બિલ્લીબાઇનો વારો છે. તે આવશે.

વારૂ. જા.

(૧૨)

વળી પાછું ભુરાભાઈનું ગાડું પહેલાંની માફક ચાલવા માંડયું. ખાય પીએ ને લહેર કરે. એમ કરતાં થોડા દિવસ ગયા એટલે વળી ભુરાભાઈને વિચાર થયો કે જાદુઈ બિલ્લીબાઈ કેવાંક છે, તેનું પારખું તો કાઢી જોઉં.

તેણે ધૂપસળી સળગાવી. ધૂમાડામાંથી બિલ્લીબાઇ પ્રગટયાં ને સળી હોલવી નાંખી. પછી સલામ કરી કહ્યું: શો હુકમ છે, સાહેબ?

ભુરાભાઇને કસોટી કરવી હતી કે જોઇએ, બિલ્લીબાઈમાં કેટલીક કરામત છે. એટલે તેણે કહ્યું: મારે આકાશમાં ઉડવું છે ને આ આખું રાજ જોવું છે. માટે તારી પીઠ પર બેસાડીને મને બધે ફેરવ.

બિલ્લીબાઇ બોલ્યાં: જેવો હુકમ. મારી પીઠ પર બેસી જાઓ.

બિલ્લીબાઇ ખાસ્સાં વાછરડાં જેવડાં હતાં. એટલે બેસવાને વાંધો આવે તેમ નહોતું. બિલ્લી-

બાઇ તો ભુરાભાઇને પીઠ પર લઇને ઉડ્યાં. સરર-રરરર! ઉંચેથી ભુરાભાઇ નજર કરે તો બધું ગામ નાનું નાનું લાગે. માણસો જાણે વેંતીઆં જેવાં. ઘર જાણે રમકડાં જેવાં. નદીઓ પાણીના રેલા જેવી! બિલ્લીબાઇ તો ઉડ્યાં ઉડ્યાં જાય. એમ ફરીને બધું રાજ એણે તો જોઈ નાંખ્યું. પછી ઉડતાં ઉડતાં પાછા ગામ તરફ આવ્યાં.

(૧૩)

એટલામાં એક કૌતુક થયું. એક મહેલની અગાસીમાં બે ચાર બાળાઓ બેસી સોગઠાં રમે. એકે ગળામાંથી હીરાનો હાર કાઢીને બાજુએ મૂકેલો. તે લઇને સમડી ઉડી ગઇ. હો હો હો કરતી બાળાઓ ઉભી થઇ ને તાળીઓ પાડતી ઉંચે જોવા લાગી ને બુમો પાડવા લાગી. એ ભુરાભાઇની નજરે પડ્યું. તેણે બિલ્લીબાઇને હુકમ કર્યો કે સમડી પાસેથી હાર લઈ લે.

હુકમ થયો એટલે વાર કેટલી? સ રરરર! બિલ્લીબાઇ સમડી પાસે પહોંચ્યા. ઝડપ મારીને

હાર લીધેા. ભુરાભાઇએ તે લઇને અગાસીમાં ફેંકયેા. તે હાર પડતેા પડતેા જઇને જે ત્રણ જણીએા ઉંચે મેાંઢે ઉભી હતી, તેમાંની એકના ગળામાંજ પડયેા ! બરાબર, જાણે વરમાળા પહેરાવી હેાય તેમ જઇને ગેાઠવાઇ ગયેા ! હવે એ બાળા રામપુરના રાજાની કુંવરીજ હતી. ને તે કુંવારી હતી, બહુ રૂપાળી હતી. પણ તેને કેાઇ વર જ પસંદ પડતેા નહેાતેા. બવા ઘણા રાજકુંવરેા આવા ગયા પણ તે કેાઇને પરણેજ નહિ. એમ કરતાં કરતાં તે તેવીસ વરસની થઇ હતી.

કુંવરીએ જોયું કે કેાઇ મરદે મારા પર હાર નાંખ્યેા. બીજું તેને કંઇ દેખાયું નહિ. પણ તેના મનમાં એમ ચટપટી પેંઠી કે એ માણસ કેાણ હશે ? તેણે નાંખ્યેા તે હાર મારા ગળામાં બંધ બેસતેા પડી ગયેા, એ કેવું કૈાતુક થયું !

બીજી બાજુ ભુરાભાઇએ પણ એ છેાકરીને જોઇ. એટલે તેને પણ થયું કે આ છેાકરી કુંવારી હેાય તેા તેને આપણે પરણવું.

ઘેર પહોંચ્યા એટલે તેણે તો બિલ્લીબાઇને વાત કરી કે: પેલી છોકરી સાથે મારે વાત કરવી છે માટે તેવો ઘાટ ગોઠવ.

બિલ્લી કહે: રાત્રે ફરી સળી સળગાવજો. કાચબો આવશે. તે તમારું કામ કરશે.

(૧૪)

રાત પડી. ભુરાભાઇએ કાચબાને સળી સળગાવી તેડાવ્યો. વાત કરી. એટલે કાચબો બોલ્યો: વારૂ સાહેબ, જેવો હુકમ!

એમ કહી કાચબો તો અલોપ થઈ ગયો. થોડી વારે તે પાછો આવ્યો. તેની પીઠ પર પેલી રાજકુંવરી હતી. તે ઉંઘતી હતી.

ભુરીયાભાઇએ તેને જગાડી, એટલે પહેલાં તો તે અજાયબીમાં પડી ગઈ. પછી ભુરાભાઇએ પોતે હાર ફેંકયાની વાત કરી એટલે તે રાજી થઈ, ને પૂછ્યું: પણ મને અહિં કેમ આણી?

સોગઠાં રમવા મને સોગઠાંબાજીનો બહુ શોખ છે. આપણી બાજી પરી થાય એટલે કાચબો તને

મૂકી આવશે.

પછી તો બાજી શરૂ થઇ. પણ તે પૂરી થાય શાની? સોગઠી સામસામી મરતી જાય ને બાજી લંબાતી જાય. વાત કરતાં ચાર વાગી ગયા. એટલે રાજકુંવરી ઉઠીને ઉભી થઈ; હવે આજે નહિ, કાલે આગળ રમીશું.

પછી કાચબો તેને મૂકી આવ્યો.

(૧૫)

અને એ પ્રમાણે રોજ ચાલ્યું. પણ બાજી પૂરી થાય નહિ.

પણ થોડે દહાડે રાણીને–કુંવરીની માને વહેમ પડયો. કુંવરી દિવસે આટલું ઉંઘે છે કેમ? સવારે આંખો રાતી કેમ? દાસીનો પહેરો મૂકયો. બીજે દહાડે ખબર પડી કે કુંવરી રાત્રે અગાશીમાં જઇ અલોપ થઇ જાય છે. મોડી રાતે પાછી આવે છે. ક્યાં જાય છે, કોણ જાણે?

રાણી ચતુર હતી. બહુ હુશિયાર હતી. તેણે એક કોથળી બનાવી. તે કોથળીમાં એક કાણું પાડયું ને થોડો લોટ ભર્યો. પછી દાસીને કહ્યું:

કુંવરી ઉંઘી જાય તે પછી એની સાડીએ લટકાવી દેજે.

થયું. બીજે દિવસે કુંવરી કાચબા પર બેસીને ચાલી, તેવોજ પેલી કોથળીમાંનો લોટ રસ્તે થોડો થોડો વેરાવા લાગ્યો. તેની એને ખબર પડી નહિ. લોટ ઠેઠ ભુરીઆભાઇના ઘર સુધી વેરાતો પડયો.

બસ ! બીજે દિવસે રાણીએ તો જાસુસ મોકલ્યા ને લોટની નિશાનીએ ભુરાભાઇનું ઘર પકડાઇ ગયું ! રાજાના સિપાઇઓએ ઘરને વેરો ઘાલ્યો ને ભુરાભાઇને પકડી ગયા. તેને એક કોટડીમાં પુર્યો.

એ તો અસલી રાજા! હુકમ કર્યો કે એ ભુરીયાને ફાંસી દઇ દેવી.

(૧૬)

થોડે દહાડે ફાંસીની તૈયારી થઇ ગઇ. ભુરીયાભાઇ તો સૂકાઇને શેરડી જેવા થઇ ગયા. ડાચાં બેસી ગયા. મોટી મોટી દાઢી ઉગી. વાળ તો જાણે જંગલનું જંગલ ! ઓળખાય પણ નહિ.

ફાંસીના લાકડા પાસે એને લઈ ગયા. પછી તેને પૂછયું કે: બોલ ભાઈ, તારી કંઇ ઇચ્છા છે?

અસલના વખતમાં એવો રિવાજ હતો કે ફાંસી દેતાં પહેલાં મરનારની કંઇ ઇચ્છા હોય તો તે પૂરી પાડતા. કોઇને મળવું હોય તો તેને મળવા દેતા. કંઇ ખાવું હોય તો તે ખાવા આપતા. તે મુજબ ભુરીયાભાઇને પણ પૂછયું.

ભુરીઆભાઇ તો જીવતા મૂઆ જેવા થઇ ગયા હતા. હવે ઇચ્છા શું ને મરજી શું? કાચબો તો ભારે પડી ગયો એમ તેમને થતું હતું.

પણ આમ પૂછયું એટલે તેને એક વિચાર આવ્યો. લાગ્યું તો તીર નહિ તો તુક્કો! તેણે પોતાની ધૂપસળી મંગાવવાનો વિચાર કર્યો. જલ્લાદને—ફાંસી દેનારને કહ્યું: હા ભાઇ, એક ઇચ્છા છે. મારા ઘરમાં ત્રીજે માળે સૂવાના ઓરડામાં હિંચકા પરના શીકામાં એક ધૂપસળી છે. ને તે ઓરડામાં કૃષ્ણની એક છબી છે. તે બંને મંગાવી આપો. મારે પૂજા કરવી છે.

માણસો દોડાવ્યા. છબ્બી ને સળી આવ્યાં. ભુરાભાઇએ તો કંઈ કંઇ ઢોંગ કર્યા. છબ્બીને ૧૦૮ વાર નમસ્કાર કર્યા. તેટલીજ પ્રદક્ષિણા કરી. પછી કહ્યું: આ ધૂપસળી સળગાવવા દેવતા આપો.

સિપાઇઓ તો તે શું કરે છે તે જોઇજ રહ્યા હતા. મનમાં હસતા હતા, કે ચકરમ છે કે શું ? પણ દેવતા આણી આપ્યો.

પણ જ્યાં સળી સળગી ને ભપ દઈને ધૂમાડો નીકળ્યો, કે બધા ચમકયા. એટલામાં તો ત્યાં ઉંદર કૂદ્યો. તરત ભુરીયાભાઇએ હુકમ કર્યો: સિપાઇડા પર હુમલો કર. આવડા મોટા ઉંદરને કુદતો ને ફાળ મારતો જોઈ સિપાઇઓ નાઠા. ભુરીયાભાઇએ બીજી વાર દેવતા ચાંપી બિલ્લીબાઇને ને ત્રીજી વાર ચાંપી કાચબાને બોલાવ્યાં. ત્રણે આવી કૂદાકૂદ કરવા લાગ્યા. હોહા થઇ રહી. બધા કેદખાનામાંથી નાઠા. ભુરાભાઇ ને તેના ત્રણ દોસ્તદારો પાછળ પડયા. આખા ગામમાં ખળભળાટ થઇ ગયો. કોઇને ઉંદર કરડયો. કોઇને બિલાડી

કરડી. કોઇને કાચબો કરડયો. બધું સરઘસ દોડતું દોડતું રાજમહેલે દોડયું. નાસો રે ભાઇ નાસો. રાખ્ખસો આવે છે. કાચબાઓ આવે છે. ઉંદર-ડાઓ ઉલટયાં છે. બિલાડાંઓ દોડે છે.

રાનએ પુછયું: પણ છે શું ?

માંડ માંડ કોઇએ સમજાવ્યું કે પેલા ફાંસી-વાળા કેદીનાં કારસ્તાન. તેની પાસે જાદુ છે.

રાજા તલ્વાર લઇ બહાર નીકળ્યો. પણ થોડે ગયો એટલે પેલો કુદતો ઉંદર દીઠો. તે પણ ગભરાઇને નાઠો. મહેલના બારણાં દઈ દીધાં.

(૧૭)

એટલે રાજકુંવરીને ખબર પડી. તે તો બધું સમજી ગઇ. બારીએ નીકળી. કાચબો કુદતો આવતો હતો. કુંવરીએ બુમ પાડી કહ્યું: કાચબા ભાઇ, સસુર !

કાચબો ઓળખતો હતો; તે અટકી ગયો. ભુરીયાભાઇ પણ આવી લાગ્યા. કુંવરીએ તેને કહી ઉંદરને અને બિલાડીને શાંત કરાવ્યા. અને પોતાની

મા–રાણીને બધી વાત કરી. ભુરીઆભાઈના જાદુની, સમડીવાળા હારની, સોગઠાંબાજીની ને બધી વાત કરી. પછી રાજરાણી બધું સમજી ગયાં.

કુંવરીને ભુરીયાજી સાથે પરણાવી. અડધું રાજપાટ આપ્યું.

પછી સૌએ ખાધું પીધું ને મોજ કરી.

પણ પેલી ધૂપસળીને જીવતાં સુધી ભુરીયા-ભાઈએ બરાબર સાચવી રાખી. કેવી રૂડી એ ધૂપસળી !

આંબે આવશે ફાલ
વાર્તા કહીશું કાલ.

બાળસાહિત્યનો ગાંડીવ ટંકાર

સેટ ૧ લો

૧	ટોલ્સ્ટોયની ત્રણ વાતો	૦–૫–૦	૧૬	બાળવિહાર (૨)	૦–૬–૦
૨	બકુલ	૦–૬–૦	૧૭	મોતીના દાણા	૦–૫–૦
૩	બિરબલનો બન્ધુ	૦–૮–૦	૧૮	એક હતો કૂતરો—	૦–૪–૦
૪	મૂરખરાજ (ટોલ્સ્ટોય)	૦–૮–૦	૧૯	ફેરીનાં ભજીયાં	૦–૩–૦
૫	નીલમ	૦–૬–૦	૨૦	નવનીત	૦–૩–૦
૬	ભીમ અને યુધિષ્ઠિર	૦–૪–૦	૨૧	મેઘધનુષ	૦–૪–૦
૭	બાળવિહાર (૧)	૦–૧૨–૦	૨૨	મિયાઉં	૦–૧–૦
૮	જયજયરંગ	૦–૬–૦	૨૩	હાથી ધમધમ ચાલે	૦–૧–૦
૯	વાઘોનું વન	૦–૪–૦	૨૪	બાળડાયરી	૦–૩–૦
૧૦	બાઇઈ હાર	૦–૪–૦	૨૫	ચોપગાંની ચતુરાઇ	૦–૪–૦
૧૧	બરફીપુરી	૦–૪–૦	૨૬	ગધેડાનું રાજ	૦–૧–૦
૧૨	સોનાકુમારી	૦–૪–૦	૨૭	રમકડાની દુકાન	૦–૧–૦
૧૩	તોફાની ટીપુડો	૦–૬–૦	૨૮	બાઇઈ જમરૂખ	૦–૧–૦
૧૪	ડ્યુંબર	૦–૩–૦	૨૯	મકનો મસ્તાનો	૦–૧–૬
૧૫	ધૂપસળી	૦–૪–૦	૩૦	બંગાળી બિરબલ	૦–૬–૦

પહેલો સેટ: કુલ કિંમત ૮–૦–૬ તેને બદલે આખો લેનારને રૂપિયા સાડા સાત. પોસ્ટેજ, ટપાલ માર્ગે સવા રૂપિયો. સ્ટેશનવાળાં ગામોમાં રેલ્વે પાર્સલ સસ્તું પડશે.

સેટબીજો: (તૈયાર છે) (૧) ઝૂલઝૂલામણિ (૨) સવાકાની આપ વીતી (૩) બોટી બોટી વાતો પક્ષી (૪) કોલસા કાકા (૫) પ્રાણી પુરાણ (૬) અજબસ્તાન (૭) સંતાકુકડી. જેમ જેમ તૈયાર થશે તેમ તેમ બદલાર પડશે.

રસમય] **બાંયણાં** [લોકગીતો

લોક સાહિત્યના ભેખધારી મેઘાણીભાઈએ લખેલા વિસ્તૃત પરિચય સાથે. બે ત્રણ સુંદર ચિત્રો છતાં કિંમત ૦–૫–૦ પોસ્ટેજ ૦–૧–૦